# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા ખાતે કૌશલ્ય વિકાસ તાલીમ અંતર્ગત એક્ષ–ટ્રેઈની મીટીંગ યોજાઈ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા, જિ. તાપી અને ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, બાજીપુરાના સંયુકત ઉપક્રમે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા ખાતે તા. ૨૩/૧૨/૨૦૧૯ના રોજ એક્ષ–ટ્રેઈની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બોરખડી ગામની કુલ ૩૦ મહિલાઓએ ઉમંગભેર ભાગ લીધો હતો. સદર મીટીંગનો મુખ્ય હેતુ, બોરખડી ગામની મહિલાઓએ તાજેતરમાં જ 'નાળિયેરના રેસામાંથી આર્ટીકલ્સ અને પગલૂછણિયાંની બનાવટ' વિષય ઉપર એક માસની કૌશલ્ય વિકાસ તાલીમ લીધેલ તેઓમાં વ્યવસાયિક તાલીમની અસરકારકતા જાણવાનો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત આદિવાસી મહિલાઓએ કૌશલ્ય વિકાસ તાલીમ થકી ગૃહઉદ્યોગ શરૂ કરવા બાબતે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. વધુમાં, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, બાજીપુરા દ્વારા દરેક તાલીમાર્થીઓને તાલીમનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. સદર સંસ્થાના ટેકનીકલ ઓફિસરશ્રી હર્ષદભાઈ ત્રિવેદી અને શ્રી દિપકભાઈ ચૌધરી ઉપસ્થિત રહયા હતા અને તેઓએ મહિલાઓને તાલીમ થકી આવક ઉપાર્જન કરવા પર ભાર મૂકયો હતો.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. સી. ડી. પંડયાએ સર્વે તાલીમાર્થી મહિલાઓને તાલીમ થકી ગૃહઉદ્યોગ શરૂ કરી રોજગારી પ્રાપ્ત કરી આત્મનિર્ભર બનવા જણાવ્યું હતું. કેવિકે, વ્યારાના ગૃહવિજ્ઞાન વિભાગના વૈજ્ઞાનિક પ્રો. આરતી એન. સોનીએ ઉપસ્થિત મહિલાઓને ઉદ્યોગસાહસિકતા વિકસે તે માટેનું માર્ગદર્શન પૂરું પાડી રોજગારલક્ષી પ્રવૃત્તિઓ શરૂ કરવા પર વિશેષ ભાર મૂકયો હતો. ઉપરોકત મીટીંગનું સમગ્ર આયોજન ગૃહવૈજ્ઞાનિક પ્રો. આરતી એન. સોનીએ કર્યું હતું.




